**ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લી.**
**વનગંગા ૭૮, અલકાપુરી, વડોદરા–૭**
**CIN : U02005GJ1976SGC002927**

**સહકારી મંડળીઓને ટીમરૂ એકમોની ફાળવણી કરવા માટેની ટુંકી મુદતની જાહેર વિજ્ઞપ્તિ ૨૦૨૦ સીઝન**

સને ૨૦૨૦ સીઝન માટેના રાજયના અનુસૂચિત વિસ્તારના તેમજ બિનઅનુસૂચિત વિસ્તારના ટીમરૂ એકમોમાંથી નિયમોનુસારના ટીમરૂ એકમો સહકારી મંડળીઓ માટે અનામત રાખવામાં આવેલ છે. આવા ટીમરૂપાન એકમો ખરીદ કરવા માંગતી સહકારી મંડળીઓએ રૂ.૧૦/– (દશ રૂપિયા) રોકડા ભર્યેથી અરજી ફોર્મ તા.૨૪–૧–૨૦૨૦ થી નિગમની વડોદરા મુકામેની કચેરીએથી મેળવી તા.૭–૨–૨૦૨૦ને શુક્રવારના ૧૮.૦૦ કલાક સુધીમાં આપવાનું રહેશે. તા.૧૦–૨–૨૦૨૦ના રોજ ૧૨.૦૦ કલાકે મળેલ અરજીઓના સંબંધિત દસ્તાવેજો મંડળીના પ્રમુખ/મંત્રી અથવા મંડળી ધ્વારા અધિકૃત કરેલ પ્રતિનિધિની હાજરીમાં ખોલવામાં આવશે.

2/BRC/2020 **મેનેજીંગ ડાયરેકટર**

ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિ.
''વનગંગા''-૭૮, અલકાપુરી, વડોદરા-૩૯૦ ૦૦૭

ક્રમાંક ઓએમ/૧૧૯૦/ટે.૬/૨૦૨૦/૨૭૧૨ તારીખ:૨૦ -૧-૨૦૨૦

પ્રતિ,
પ્રમુખશ્રી
.........................................
.........................................
..........................................

વિષય : સહકારી મંડળીઓને ટીમરૂપાન એકમોના વેચાણ બાબત સને ૨૦૨૦ સીઝન

મહાશય,

પેસા PESA એક્ટ-૧૯૯૬ તેમજ એફ્આરએ-૨૦૦૬ અને પેસા (PESA) નિયમો-૨૦૧૭ની જોગવાઇઓ અન્વયે, ગ્રામ પંચાયતો વતી ગૌણ વન પેદાશ એકત્રીકરણ, અને વેચાણ નિયમનની કામગીરી કરવા જે તે ગ્રામ સભાઓમાં ઠરાવો મેળવી નિગમે આ કામગીરી માટે અધિકૃત થયેલ છે. તે મુજબ ટીમરૂપાન સીઝન-૨૦૨૦ અન્વયે ટીમરૂપાન એકમો પૈકી ૪૦% અનામત ધોરણે- રોટેશન મુજબના ૪૪ એકમો, સહકારી મંડળીઓને સરકારશ્રીના તા.૯-૧૨-૧૬ના ઠરાવની શરતો મુજબ ફાળવવાના થાય છે. અનામત મુજબ સહકારી મંડળી માટે અનામત રાખેલ, ટીમરૂપાન એકમો-૪૪ ની યાદી આ સાથે સામેલ છે.

આ એકમો અંગે સહકારી મંડળીઓ પાસેથી નિયત ફોર્મમાં અરજીઓ માંગવામાં આવે છે જે અરજી ફોર્મ રૂ.૧૦/- (અંકે રૂપિયા દશ પુરા)રોકડેથીં ચુકવી નિગમની મુખ્ય કચેરી વડોદરા મુકામેથી જાહેરાત પ્રસિધ્ધ થયેથી મેળવી શકાશે, જે અરજી ફોર્મ સંપૂર્ણપણે ભરી, જરૂરી કાગળો સાથે નિગમની મુખ્ય કચેરી ખાતે તા.૭-૨-૨૦૨૦ના રોજ ૧૮.૦૦ કલાક સુધી જમા કરાવવાના રહેશે. પુરા સાધનિક કાગળો સિવાયની અરજીઓ તેમજ અધૂરી વિગતવાળી અરજીઓ અને મુદત બહારની અરજીઓ ધ્યાને લેવાશે નહીં.

સહકારી મંડળીઓને ટીમરૂપાન એકત્રીકરણના એકમો (૪૪ અનામત એકમો) નીચેની શરતોને આધીન ફાળવી શકાશે.

| | |
|---|---|
| ૧. | આવી કામગીરી જે મંડળીઓના સ્થાપનાના હેતુઓમાં વનવાસીઓના વિકાસ અને ઉત્થાન માટે કામ કરતી હોય તેવી મંડળીઓને જ ફાળવવામાં આવશે. |
| ૨. | **જે તે સહકારી મંડળીને તેમના કાર્ય વિસ્તાર (જે તાલુકા/ જીલ્લામાં રજીસ્ટર ઓફીસ હોય ત્યાંજ) આવેલ ટીમરૂપાનના એકમોની જ ફાળવણી કરવામાં આવશે.** |
| ૩. | સહકારી મંડળી તેમના સભાસદો મારફતે જ ટિમરૂપાનનું એકત્રીકરણ કરવાનું રહેશે. |
| ૪. | સહકારી મંડળી દ્વારા જુદી જુદી કામગીરી માટે કરવામાં આવતા ખર્ચના ધોરણો નિગમ / સરકાર દ્વારા પૂર્વ મંજુરીથી નક્કી કરી ચુકવવાના રહેશે. |
| ૫.. | મંડળી દ્વારા નિગમ / સરકાર સુચવે તેવા દસ્તાવેજોની જાળવણી કરવાની ફરજીયાત રહેશે |
| ૬. | સહકારી મંડળી, અરજી કરતી વખતે એકમના વિસ્તારમાં આવેલ સંબંધિત તમામ ગ્રામ પંચાયત/ પંચાયતો પાસેથી અજમાયશી કિંમતે સહકારી મંડળીને વર્ષ ૨૦૨૦ ની સીઝનમાં ટીમરૂપાનના એકમની ફાળવણી માટે લેખિતમાં ઠરાવ સ્વરૂપમાં પૂર્વ સહમતિ મેળવી અરજી સાથે રજુ કરવાનો રહેશે. |
| ૭. | ટીમરૂપાન એકત્ર કરવાની કામગીરી સબંધિત સહકારી મંડળીને ફાળવતા પહેલાં સદર મંડળી ફડચામાં નથી અને આવી કામગીરી કરવા આર્થિક રીતે સધ્ધર છે તેવા પ્રમાણપત્ર સબંધિત જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ પાસેથી મેળવીને અરજી સાથે રજુ કરવાનો રહેશે. |

| | |
|---|---|
| ૮. | એકજ એકમ માટે જો એકથી વધુ સહકારી મંડળીઓની માંગણી આવશે તો અન્ય શરતો પૂર્ણ કરતા હોય તેવા સંજોગોમાં વધુ સભાસદ ધરાવતી મંડળી અને સ્થાનિક મંડળીને પ્રાથમિકતા આપવામાં આવશે. મંડળી દ્વારા માંગણી કરેલ એકમમાં પાછળથી કોઇ ફેરફાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. |
| ૯ | .સહકારી મંડળી દ્વારા એકત્ર કરવામાં આવેલ ટીમરૂપાનની હરાજી ગુજરાત રાજય વન વિકાસ નિગમના માર્ગદર્શન / સુપરવિઝન હેઠળ કરવાની રહેશે. સહકારી મંડળીઓને ઉકત શરતોને આધિન, ટીમરૂપાન એકમો ફાળવણી કરતાં પહેલા, સૌ પ્રથમ જે તે વિસ્તારના સહભાગી વન વ્યવસ્થા મંડળી, જંગલ કામદાર મંડળી, સખી મંડળ- સ્વસહાય જુથ, અને તે પછી તે વિસ્તારના અન્ય સહકારી મંડળીને - ઉતરતા ક્રમની પ્રાથમિકતા મુજબ, એકમ ફાળવણી કરવામાં આવશે. |

સહકારી મંડળીઓ પાસેથી નિયત ફોર્મમાં, અરજીઓ મળેથી પ્રક્રિયા નીચેના સમયમર્યાદામાં હાથ ધરવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૧ | સહકારી મંડળીઓ પાસેથી નિયત ફોર્મમાં તમામ વિગતો/ આધાર પુરાવા સહિત અરજી ફોર્મ સ્વીકારવાની તારીખ | તા.૭-૨-૨૦૨૦ ૧૮.૦૦ કલાક સુધી |
| ૨ | સહકારી મંડળીના પ્રમુખ/મંત્રી-પ્રતિનિધિઓની રૂબરૂમાં અરજી ખોલવાની તારીખ. | તા.૧૦-૨-૨૦૨૦ ૧૨.૦૦ કલાકે |
| ૩ | અરજીઓની ચકાસણી બાદ પાત્રતા ધરાવતી સહકારી મંડળીઓનું- લીસ્ટ તૈયાર કરવા/ પ્રસિધ્ધ કરવાની મુદત | તા.૧૧-૨-૨૦૨૦ |
| ૪ | પાત્રતા ધરાવતી સહકારી મંડળીઓને ઈએમડી ભરવા અંગેની મુદત | તા.૧૩-૨-૨૦૨૦ |
| ૫ | સહકારી મંડળીઓને ફાળવણી બાદ રહી જતા ટીમરૂપાન યુનીટોની હરાજીની પ્રક્રિયા | તા.૧૭-૨-૨૦૨૦ |

વિશેષમાં જણાવવાનું કે, મંડળી ધ્વારા એકત્ર કરાયેલ ટીમરૂપાન જાહેર હરાજીથી દૈનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપી તેમજ બહોળી પ્રસિધ્ધિ કરી વેચાણ કરવાનું રહેશે. આ અંગેની વિગત ગુજરાત રાજય વન વિકાસ નિગમની વેબસાઈટ **www.gsfdcltd.co.in** પરથી મળી શકશે.

જો કોઈ મંડળી તેમને ફાળવેલું ટીમરૂપાન એકમ બારોબાર નિકાલ કરી દેશે તો આમ કરનાર મંડળીને ટીમરૂપાન એકમની ફાળવણી રદ કરી ભરવામાં આવેલ રકમ ખાલસા કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

આપનો વિશ્વાસુ,

મેનેજીંગ ડાયરેકટર

નકલ રવાના : જોઈન્ટ મેનેજીંગ ડાયરેકટરશ્રી/સીની. મેનેજર (માકે.)/કંપની સચિવશ્રી તરફ જાણ સારૂ.

નકલ રવાના સીની.મેનેજર/ડીવી.મેનેજર (તમામ) તરફ ઉપરોકત પરિપત્રની જાણ તેમના પ્રોજેકટ વિસ્તારની સબંધિત સહકારી સંસ્થાને કરવા વિનંતી અને તા.૭-૨-૨૦૨૦ સુધીમાં તેઓની અરજી નિયત ફોર્મમાં અત્રેને ઓફીસ સમય દરમ્યાન મળે તે પ્રમાણેની કાર્યવાહી કરવા વિનંતી.

નકલ રવાના : મેનેજર(વહીવટ) તરફ સહકારી મંડળીઓ તરફથી મળેલ અરજીફોર્મ નિયત સમયમાં મેળવી અત્રેના વિભાગને મોકલી આપવાના રહેશે.

અનુસૂચિત વિસ્તાર (શીડયુલ્ડ) અને બિન અનુસૂચિત વિસ્તાર (નોન શીડયુલ્ડ)ના ટીમરૂપાન એકમો સહકારી મંડળીઓને ફાળવવા માટેની યાદી સને ૨૦૨૦ સીઝન

| અ.નં. | જીલ્લા પંચાયત / ડીવીઝનનું નામ | ટીમરૂપાન એકમનું નામ અને નંબર | સંભવિત એક્ત્રીકરણ સ્ટા.બોરા | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 1 | પંચમહાલ | ૨૪-મોટાખાનપુર | ૭૫૦ | - |
| 2 | પંચમહાલ | ૨૫-સીઝ્નલી | ૧૩૪૦ | - |
| 3 | પંચમહાલ | ૨૮-શહેરા | ૫૦ | - |
| 4 | પંચમહાલ | ૨૯-ખાંડીયા | ૫૦ | - |
| 5 | પંચમહાલ | ૩૨-એ-નવાગામ | ૩૪૩ | - |
| 6 | મહીસાગર | ૩૩-કડાણા | ૧૦૦૦ | - |
| 7 | પંચમહાલ | ૫૪-કાંટુ | ૧૦૫૪ | - |
| 8 | પંચમહાલ | ૫૫-રીંછવાણી | ૧૦૦ | - |
| 9 | દાહોદ | ૩૮-દાહોદ | ૮૫૦ | - |
| 10 | દાહોદ | ૩૯-ગરબાડા | ૩૧૦ | - |
| 11 | દાહોદ | ૪૪-લીમખેડા | ૭૫૦ | - |
| 12 | દાહોદ | ૪૬-મોટીઝરી | ૧૪૦૦ | - |
| 13 | દાહોદ | ૫૧-ટોકરવા | ૮૯૮ | ટોકરવા ફડ સિવાય |
| 14 | દાહોદ | ૫૨-સાગટાળા | ૧૭૦૦ | - |
| 15 | છોટાઉદેપુર | ૬૨-જેતપુર | ૨૦૦ | - |
| 16 | છોટાઉદેપુર | ૬૩-કલારાણી | ૪૦૦ | - |
| 17 | છોટાઉદેપુર | ૬૭-ડોલરીયા | ૧૪૫૦ | -- |
| 18 | છોટાઉદેપુર | ૬૮-અંબાલા | ૬૨૫ | - |
| 19 | છોટાઉદેપુર | ૭૨-પાનવડ | ૭૦૦ | - |
| 20 | છોટાઉદેપુર | ૭૩-મોગરા | ૫૦૦ | - |
| 21 | નર્મદા | ૭૬-ગોરા | ૨૦૦ | - |
| 22 | નર્મદા | ૭૯-ગંગાપુર | ૪૦૦ | - |
| 23 | નર્મદા | ૮૩-આમલેથા | ૮૦૦ | - |
| 24 | ભરૂચ | ૮૪-અસનાવી | ૭૦૦ | - |
| 25 | સુરત | ૮૮-ઉમરપાડા | ૭૦૦ | - |
| 26 | સુરત | ૮૯-માંડવી | ૩૦૦ | - |
| 27 | તાપી | ૯૩-ડોલવણ | ૪૦૦ | - |
| 28 | તાપી | ૯૪-ચાંપાવાડી | ૩૦૦ | - |
| 29 | તાપી | ૯૭-એ-ઉચ્છ્લ | ૬૦૦ | - |
| 30 | ડાંગ | ૯૮-સુબીર | ૩૦૦ | - |
| 31 | ડાંગ | ૧૦૨-સામગહન | ૬૫૦ | - |
| 32 | નવસારી | ૧૦૩-વાંસદા | ૫૦૦ | - |
| 33 | વલસાડ | ૧૦૬-પંગારબારી | ૭૫૦ | - |

| અ.નં. | જીલ્લા પંચાયત / ડીવીઝનનું નામ | ટીમરૂપાન એકમનું નામ અને નંબર | સંભવિત એક્ત્રીકરણ સ્ટા.બોરા | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 34 | વલસાડ | ૧૦૭-નાનાપોંઢા | ૫૦ | - |
| 35 | સાબરકાંઠા | ૬-એ-પરોસડા | ૫૧૯૦ | - |
| 36 | સાબરકાંઠા | ૬-બી-આંતરસુબા | ૫૦૨૦ | - |
| 37 | અરવલ્લી | ૯-મઉ | ૩૫૦૦ | - |
| 38 | સાબરકાંઠા | ૯-એ-ઇડર | ૧૨૮૫ | - |
| 39 | અરવલ્લી | ૧૧-એ-શામળાજી | ૩૯૨૫ | - |
| 40 | અરવલ્લી | ૧૨-ઇસરી | ૧૯૫૫ | - |
| 41 | સાબરકાંઠા | ૧૫-માલપુર | ૧૭૩૫ | - |
| 42 | પંચમહાલ | ૧૬-વિરપુર | ૨૦૦૦ | - |
| 43 | મહીસાગર | ૨૦-ડીટવાસ | ૩૦૦૦ | - |
| 44 | મહીસાગર | ૨૧-ગોધર | ૩૮૦૦ | - |
| | | **કુલ** | **૫૨૫૩૦** | |

સ્થળ : વડોદરા

તારીખ :૨૦-૧-૨૦૨૦

સીની. મેનેજર-એમએફપી